# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં ડે.કમિશ્નરશ્રી (હે. એન્ડ હો.) અને ડે.કમિશ્નરશ્રીની સુચના મુજબ આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ **તા.૦૩/૦૫/૧૬** નાં રોજ હાલની ઉનાળાની પરિસ્થિતિ ધ્યાનમાં રાખીને સુરત બારડોલી રોડ ઉપર મહાત્મા ગાંધી વેજીટેબલ ફ્રુટ માર્કેટ વેપારીઓને ત્યાં નાયબ આરોગ્ય અધિકારીની સીધી દેખરેખ હેઠળ ૦૪ (ચાર) ટીમ બનાવી આરોગ્યલક્ષી નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય આરોગ્ય નિરીક્ષકો, આરોગ્ય નિરીક્ષકોની બનેલી ટીમોએ આ માર્કેટનાં સ્ટોલોમાં સઘન ચેંકીગ હાથ ધરી કેરી પકવવા માટે ઉપયોગમાં લેવામાં આવતો પ્રતિબંધીત કાર્બાઈડ પાઉડરનો અંદાજીત **૫.૬૦૦** કિલોગ્રામ જેટલો જથ્થો જપ્ત કરીને બિનઆરોગ્યપ્રદ અંદાજીત ૧૪૧૦ કિલોગ્રામ જેટલી કેરીનો નાશ કરવામાં આવેલ હતો. તેમજ કુલ **૫૮** સ્ટોલ ધારકો પાસેથી **રૂા.૬૬,૦૦૦/–** વહીવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધી ફ્રુટ માર્કેટનાં સંચાલકોને માર્કેટનાં આંતરિક માર્ગોની નિયમિત દૈનિક સફાઈ કરાવવા સુચનાઓ આપવામાં આવેલ. માર્કેટનાં વેપારીઓ તેમનો વ્યાપારીક કચરાનો ઢાંકણવાળી કચરાપેટીમાં એકત્રિત કરી કન્ટેઈનરમાં તેનો નિકાલ કરવા તથા સ્ટોલ અને તેની આજુબાજુ સ્વચ્છતા જાળવે તે બાબતે તકેદારી રાખવા જણાવેલ અને આરોગ્યને હાનિકારક પદાર્થોનો વપરાશ ન કરે તે બાબતે ચેતવણી આપવામાં આવેલ છે.

વધુમાં શહેરીજનોને અપીલ કરવામાં આવે છે કે, હાલમાં કેરી, કેળાં, શકકરટેટી, તરબુચ વિગેરે દરેક ફળોને ૪–૫ વખત પાણીથી ધોઈને સ્વચ્છ કર્યા બાદ જ દરેક ફળોને ઉપયોગમાં લેવા વિનંતી.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૪૮૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૫૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૫૩૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૦૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૮૨ કરદાતાઓ પાસેથી રૂા.૭૦,૪૦,૨૨૬/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૬૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૩ એન્ટ્રીમાં રૂા.૫૩,૨૬૦/– અને આર.સી.ની ૩૯ એન્ટ્રીમાં રૂા.૯૪,૦૨૩/– મળી કુલ રૂા.૧,૪૭,૨૮૩/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૧૭ એન્ટ્રીમાં રૂા.૧,૦૨૦/– અને દંડની રકમની ૧૫ એન્ટ્રીમાં રૂા.૩,૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે. તેમજ નવા કનેકશન સંદર્ભે વસુલ લીધેલ ચાર્જ રૂા. ૭૨,૬૩૦ વસુલ લેવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૬૬,૦૮૨/–, મંડપ ચાર્જના રૂા.૧,૩૫૫/–, દબાણ ચાર્જના રૂા.૭,૧૬૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૨૦૦/– મળી કુલ રૂા.૭૬,૭૯૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) અન્ય રોડ પરથી : – રમણનગર સોસાયટી સુધી દબાણ હટાવી ખુલ્લી લારી–૨૩, ગોટાલાવાડી નગર પ્રાથમિક સ્કૂલ પાસે દબાણ હટાવી ખુલ્લી લારી–૧૦ જપ્ત કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
# પશ્ચિમ ઝોન(રાંદેર)
# **<u>પ્રેસનોટ</u>**

**<u>—: સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)ના વિવિધ વિસ્તારમાં ડિમોલિશનની કામગીરી :—</u>**

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આજરોજ તા.૦૩/૦૫/૨૦૧૬ના રોજ રાંદેર મેઈન રોડ પર કોમર્શીયલ મિલ્કતોના પાર્કિંગ/માર્જીનમાં કરવામાં આવેલ દબાણો દૂર કરવાની કામગીરીના ભાગરૂપે રાંદેર મેઈન રોડ પર આનંદ સિરામિક મારબલથી બેંક ઓફ બરોડા(રવિરાજ એપાર્ટમેન્ટ)(સંગના સોસાયટી) સુધી (૧) પ્રમુખ ચેમ્બર્સ પૈકી ક્રિષ્ના ઓટો, (૨) ખુશી ચાઈનીઝ, (૩) અક્ષય કોર્પોરેશન, (૪) નિધિ એજન્સી, (૫) ધ ઈનસાઈડ મોબાઈલ, (૬) ટીવી પેલેસ,(૭)ટાઈલ્સ પેલેસ, (૮) જય નર્સરી,(૯) વિનિ તરબૂચ સેન્ટર,(૧૦) સહકાર રેસ્ટોરન્ટ, (૧૧) પ્રમુખ ચેમ્બર્સ પૈકી પ્રિન્સ ઓટો, (૧૨)પ્રોફેશનલ કુરીયર(૧૩)લર્નીગ પોઈન્ટ, (૧૪) જલારામ સ્ટુડીયો, (૧૫) ક્રિષ્ણા ઈન્સ્ટીટયુટ ઓફ એજયુકેશન, (૧૬) કમલ ગ્લાસ, (૧૭)રાજ સેલ્સ, (૧૮) પાર્થ મંડપ, (૧૯) મહાલક્ષ્મી એલ્યુમીનીયમ,(૨૦) કાર એસી રીપેરીંગ, (૨૧)હર્ષ નોનવેજ, (૨૨)અંજુ ઓટો ગેરેજ, (૨૩) રણછોડરાય સ્ટોર્સ, (૨૪) વિજય સેલ્સ,રૈના આર્કેડ,(૨૫)સુટેક્ષ બેંક, (૨૬) વર્ધમાન એપાર્ટ. પૈકી રેઈનબો ઈન્ફોર્મેટીકસ, (૨૭)ગીતા પ્રોવિઝન્સ (૨૮) ગીતા બેટરી, (૨૯) સાંઈ ચશ્મા ઘર, (૩૦)ગીતા ટ્રેડર્સ,(૩૧)નવયુગ હેર આર્ટ, (૩૨) બેંક ઓફ બરોડા, રવિરાજ એપાર્ટમેન્ટ વિગેરે મિલ્કતોમાં માર્જીનમાં ઓટલા તેમજ અન્ય દબાણ કરેલ જે તમામ ઓટલાનું દબાણ આશરે ૩૨૦૦.૦૦ ચો.ફૂટ જેટલું દબાણ દૂર કરવામાં આવેલ છે.

વધુમાં હજી પશ્ચિમ ઝોન(રાંદેર)ના વિવિધ વિસ્તારોમાં ભવિષ્યમાં ગેરકાયદેસર બાંધકામ તથા દબાણ દૂર કરવાની કામગીરી ઘનિષ્ઠ રીતે કરવામાં આવશે.

સદર કામગીરી મા.કમિશ્નરશ્રીની સૂચના અને પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

# પૂર્વ (વરાછા) ઝોનની અખબારી યાદી

તા.૦૩/૦૫/૨૦૧૬

## પૂર્વ(વરાછા)ઝોનના પુણા વિસ્તારમાં મેગા ડિમોલીશનની ધનિષ્ઠ કામગીરી બાબત.

પૂર્વ(વરાછા)ઝોનના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ પ્રિ.ટી.પી. સ્કીમ નં.૧૧(પુણા), બ્લોક નં.૫૬૦,૫૬૧ માં આવેલ અંજની નગર–બુટ ભવાની તેમજ ગંગાનગર સોસાયટીના ૪૫.૭૨ મી. પહોળાઈના ટી.પી. રસ્તાની અસર હેઠળ આવતા, બી.આર.ટી.એસ. રૂટમાં નડતરરૂપ મિલકતોના મેગા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ છે. તે પૈકી શીવશકિત એપાર્ટમેન્ટ વિ–'ડી', બુટભવાની એપાર્ટમેન્ટ –'એ', 'બી', 'સી', 'ડી', 'ઈ' અને 'કે', ગંગાનગર સોસાયટીના આશરે ૭(સાત) ગાળાઓ, ખોડીયાર એપાર્ટમેન્ટ, શીવ કોમ્પલેક્ષ તેમજ સરસ્વતી એપાર્ટમેન્ટ માં ચણતરની દિવાલો તોડી સ્લેબમાં ગાબડા પાડવામાં આવેલ તથા આ કામગીરી મોડી સાંજ સુધી તથા આગામી ૪(ચાર) દિવસો સુધી ચાલુ રાખવામાં આવનાર છે. સદર ડિમોલીશનની કામગીરીમાં સ્થાનીક રહેવાસીઓ તરફથી ખુબ જ સહકાર આપવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી વરાછા ઝોનના એડી.સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શનથી પૂર્વ(વરાછા)ઝોન કાર્યપાલક ઈજનેરશ્રીઓના રાહબર હેઠળ, અન્ય ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીઓની મદદ ધ્વારા તેમજ લિંબાયત ઝોન, કતારગામ ઝોન, રાંદેર ઝોન તથા સેન્ટ્રલ ઝોનના ડે.ઈજનેરશ્રીઓ, શહેરી વિકાસ અને દબાણ ખાતાના સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ તથા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સહિત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.....૧૩૩....
તા.૦૩/૦૫/૨૦૧૬

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૩/૦૫/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં મોજે ઉધના લક્ષ્મીનારાયણ ઈન્ડ. એસ્ટેટ ના પ્લોટનં.૪૭,૪૮,૪૯માં લક્ષ્મીનારાયણ મંદિરની પાછળ ૩૫૦ ચો. ફુટ મેશનરી તથા આર.સી.સી. બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે ૨૫,૦૦૦/–, ડિપોઝીટ પેટે ૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ઉધના ત્રણ રસ્તા થી રોડ નં: ૬ ને જોડતામ ૩૦.૦ મી. પહલળા ખાડી પરના રસ્તાના એલાયમેન્ટમાં આવતા ૧૩ ઝુંપડાઓ દૂર કરી ૧૩૦૦ ચો. ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ**

**નોર્થઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

**નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ અત્રેના ઝોનમાં કબજો લેવાની કામગીરી તા.૦૩/૦૫/૨૦૧૬ ના રોજ હાથ ધરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.**

**ટી.પી.સ્કીમ નં. ૩ (કતારગામ) માં ફા.પ્લોટ નં. ૩૧૨/એ માં આવેલ હયાત જુની ઝોન કચેરીમાં ભોંયતળિયે કુલ ૧૫ (પંદર) દુકાનો સુરત મહાનગરપાલિકા ધ્વારા ભાડાપેટ્રે આપવામાં આવેલ હતી. સદરહુ જુની ઝોન કચેરી બિલ્ડીંગમાં સુધારા–વધારા કરી સુરત મહાનગરપાલિકા ધ્વારા સેન્ટ્રલ લાયબ્રેરીમાં ફેરવાનું આયોજન હોય, ભાડે આપેલ દુકાનોના ભાડુતોને દુકાન ખાલી કરવા અંગે તબકકાવાર નોટીસો આપવામાં આવેલ હતી. પરંતુ ભાડુઆતો તરથી ઉપરોકત નોટીસોને અમલ કરવામાં આવેલ નહિ. અને નામદાર હાઈકોર્ટમાં સુરત મહાનગરપાલિકા વિરુધ્ધ કોર્ટ પ્રકરણ ઉપસ્થિત કરવામાં આવેલ. પરંતુ નામદાર હાઈકોર્ટ ધ્વારા સદરહુ દાવાનો નિકાલ કરવામાં આવતા સુરત મહાનગરપાલિકા માટે દુકાનોનો કબજો લેવાનો માર્ગ મોકળો બનતા આજરોજ સદરહુ તમામ ૧૫ (પંદર) દુકાનોના શટર, ફર્નિચર, માલસામાન વિ. દુર કરી આશરે ૨૫૦૦ ચો.ફુટ જગ્યાનો કબજો મેળવવામાં આવેલ છે. શરૂઆતના તબકકે દુકાનદારો/ભાડુઆતો ધ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવતા કતારગામ પોલીસ સ્ટાફ તથા પી.આઈ.શ્રી દિયોરા તરફથી જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે રીતે પરિસ્થિત પર કાબુ મેળવી કામગીરી પુર્ણ કરાવેલ છે.**

**ઉપરોકત કબજો મળવાથી સેન્ટ્રલ લાઈબ્રેરીનું કામ ઝડપથી પરીપુર્ણ કરી શકાશે. જેના કારણે સ્થાનિક તેમજ આસપાસના લોકો તેનો બહોળા પ્રમાણમાં લાભ લઈ શકશે.**

**Dated 03.05.2016**

**PRESS BRIEF**

Sub: Development of Multi Modal Transportation Hub at Surat Railway Station – changing the "Soorat" (सूरत) of Surat City.

Indian Railway Stations Development Corporation (IRSDC), Gujarat State Road Transport Corporation Limited (GSRTC) and Surat Municipal Corporation (SMC) intend to develop a Multi Modal Transportation Hub (MMTH) at Surat Railway Station/Gujarat on DBFOT basis. Project will be implemented under a joint venture Special Purpose Vehicle (SPV), which is proposed to be created for the benefit of the common man.

The components of the project include re development of Railway Station, re-development of GSRTC Bus Terminal, providing East-West road connectivity, Development of Common facilities and commercials along the Project integration connectivity and Operations & Maintenance of Railway station & Bus Terminal.

This is the first of its kind of infrastructure development where all the three levels of Government i.e Central (Railways), State (GSRTC) and Urban Local Body (SMC) are forming a joint venture and pooling their land to integrate different modes of transport i.e. rail, city bus, long distance bus services, auto, taxi and private vehicles etc. for the maximum convenience of the passengers through seamless connectivity across all modes and provide international experience of travel comfort. This enhances the common man experience and reduces the overlapping of facilities and provides more compact services with maximum convenience – with the motto that passenger is the king. Conceptual Master Plan of the proposed development has been agreed and all parties have agreed in principle to pool in their land for the integrated development of the MMTH.

IRSDC on behalf of the proposed SPV has invited **"Expression of Interest"** from interested developers/ operators to firm up the eligibility criteria for the further bidding process.

The EoI may be downloaded for free by visiting the IRSDC Tender Wizard (www.tenderwizard.com/IRSDC) and going to the free download section at www.irsdc.com. The last date and time of submission of EoI is upto 1400 hrs on May 25 2016. Any corrigendum or addendum shall be uploaded only on the web site.

Salient Features of the Station Redevelopment project:

1. Selected bidder is to construct the MMTH as per employer's requirement in lieu of the commercial development rights on the land surrounding the MMTH and the air space available for commercial development. Segregation of incoming and outgoing passengers for avoiding cross movement.
2. Integration of various modes of transport.
3. Better connectivity and circulation for hassel free approach and departure from the MMTH area.
4. 100% FDI is allowed.

5. Bidders may bid as consortium.
6. Term of concession period for commercial real estate development is presently envisaged for 45 years
7. 5 towers of approximately 61 storeys are proposed for commercial development which will transform the skyline of the city.

The consultative process involves stakeholders and the people of India and their inputs shall inform the development of further bidding documents.

Notice have been circulated to almost all the leading developers in India and Indian embassies have been approached to give wide publicity for the project so that that the participation from the foreign bidders is also facilitated.

This pre-application conference would be of great relevance and interest to national and international developers, infrastructure firms and financial investors as potential bidders who might be keen to take up this significant opportunity on PPP basis. First pre application conference was held in the conference room of Western Railway on 03.05.2016 at 12.00 Hrs which was convened by CEO/IRSDC and attended by PCE/WR, CPRO/WR and VC&MD/ GSRTC, representative from SMC. The pre application conference was attended by 12 (twelve) leading developers.

In continuation to the series of consultation process 2nd pre application conference is scheduled on 13.05.2016 at Surat, in the conference room of the office of Surat Municipal Commissioner at 11.30 hrs. followed by site visit.

For latest updates one can visit www.irsdc.com and on twitter at @irsdcinfo

# પ્રે સ નો ટ

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૦૨/૦૫/૨૦૧૬ તથા તા.૦૩/૦૫/૨૦૧૬ નાં રોજ અત્રેનાં ફુડ સેફ્ટી ઓફિસરોએ નીચે જણાવેલ સંસ્થાઓ/લારીઓ ચેક કરી, આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામુ |
|---|---|---|
| ૧ | અક્ષર બેવરેજીસ<br>પી–૩૬૩, નવી જી.આઈ.ડી.સી., કતારગામ, સુરત. | અક્ષર–પેકેજડ ડ્રીકીંગ વોટર |
| ૨ | સિધ્ધ વિનાયક હેલ્થ કેર<br>૨૦, સર્વોદય સોસાયટી, ઉમીયા માતા મંદિર પાસે, હોટલ ઓએસીસ સામે, વરાછા રોડ, સુરત. | બ્લસ્ટર –પેકેજડ ડ્રીકીંગ વોટર |
| ૩ | નિરલ બેવરેજીસ<br>દુ.નં. જી–૨૩, ગણપતી પ્લાઝા, કતારગામ દરવાજા, સુરત. | કલીન એકવા– પેકેજડ ડ્રીકીંગ વોટર |
| ૪ | મંગસ્ટર બેવરેજીસ<br>સર્વે નં.–૩, પ્લોટ નં.–૪૫/સી, મહાપ્રભુ ટેક્ષટાઈલ વસાહત, લીંબાયત, સુરત. | ન મો–પેકેજડ ડ્રીકીંગ વોટર |
| ૫ | રાધે પાન સેન્ટર<br>દુ.નં.–૩, સાંઈનગરી સોસાયટીના ગેટ નીચે, પુણાગામ સીમાડા રોડ, સુરત. | લેમોન–પેકેજડ ડ્રીકીંગ વોટર |
| ૬ | આસમાની સેલ્સ કોર્પોરેશન<br>૧૨/૮૪૧, ગોડાઉન–૧, મધુરમ એપાર્ટમેન્ટ, ભાવનગરી શેરી, સુરત. | માણીકચંદ ઓકસીરીચ – પેકેજડ ડ્રીકીંગ વોટર |
| ૭ | વણીરાજ બેવરેજીસ<br>પ્લોટ નં.–૨૦, યોગીનગર સોસાયટી, ડી બાલાજી બંગલો સામે, પુણા–સીમાડા રોડ, સુરત. | એકયુલી–પેકેજડ ડ્રીકીંગ વોટર |
| ૮ | સનરાઈઝ બેવરેજીસ એન્ડ ફુડ<br>૧૭/૧૮, સમ્રાટ ઈન્ડ. એસ્ટેટ, રેલ્વે ક્રોસીંગ પાસે, ગોડાદરા, ડીંડોલી રોડ, સુરત. | રીવા–પેકેજડ ડ્રીકીંગ વોટર |

જનસંપર્ક વિભાગ

04 MAY 2016

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર સમાચાર યાદી નં. 237

# પ્રેસનોટ
# સાઉથઝોન(ઉધના)
# સુરત મહાનગરપાલિકા

**તા.૦૪.૦૫.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૫** ફાઈલના **રૂા.૦.૮૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે, તથા કુલ– **૦૫ લોકેશન(ખાડા) ૪૭૫ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૨.૮૫** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા **કુલ–૦૫,** લોકેશન(ખાડા) **૬૪૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ**–**૦૯** લોકેશન, **૨૪૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે, તથા મોજે ઉધના ટી.પી. (ઉધના–મજુરા) ફા.પ્લોટ નં. ૬૮, આત્મારામ ઈન્ડ. સોસાયટી વિભાગ–૩ માં પ્લોટ નં.૫૦ માં **૭૩૦ ચો.ફુટ** મેશનરી તથા પ્લોટ નં. ૪૮,૪૯ માં **૭૫૦ ચો.ફુટ** મેશનરી–આર.સી.સી., **૨૦૦ ચો. ફુટ શટરીંગ** તથા પ્લોટ નં. ૬૭ માં **૩૫૦ ચો.ફુટ** મેશનરી, **૭૫૦ ચો. ફુટ** શટરીંગનું ડીમોલીશન **વહીવટી ચાર્જ રૂા.૨૫,૦૦૦/**– તથા **ડીમોલીશન ચાર્જ રૂા.૨૫,૦૦૦/**– તથા મોજે ઉધના ટી.પી. સ્કીમ નં. ૨૨, ફા.પ્લોટ નં. ૧૩, પ્લોટ નં. **૫૫૦ ફુટ** શટરીંગ, **૧૫૦ ચો.ફુટ** મેશનરી,તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલઃ **૦૪** આપવામાં આવેલ, તથા આઈ.સી.નાં નાણા પેટે **રૂા.૦** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૬** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૨૩૭** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧.૯૪** લાખ થયેલ છે. તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૪૩** લાખ થયેલ છે., ૦૮ EC તથા ૦૯ RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૩૦૦ /**– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૨૦૦/**– વસુલ લેવામાં આવેલ છે., **૨૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૦૭** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૧૯૬.૧૬૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૬** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧,૩૦૦/**– છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૫૩૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૩૦૧૨** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૫૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૫૫** કરવામાં આવેલ છે. જયારે **૩૧** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૨૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

# –: પ્રેસનોટ :–

૨૩૯

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૪/૦૫/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૧(ઉધના–મજુરા) ફા.પ્લોટનં.૬૮ આત્મારામ ઈન્ડ.સોસાયટી વિભાગ–૩ પ્લોટનં.૫૦માં આશરે ૭૩૦ ચો.ફુટ મેશનરીનું, પ્લોટનં.૪૮,૪૯માં આશરે ૭૫૦ ચો.ફુટ મેશનરી + આર.સી.સી. કોલમ તથા ૨૦૦ ચો.ફુટ શટરીંગનુ, તેમજ પ્લોટનં. ૬૭ માં આશરે ૩૫૦ ચો.ફુટ મેશનરી તથા ૭૫૦ ચો.ફુટ શટરીંગ બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે ૨૫,૦૦૦/–, ડિપોઝીટ પેટે ૨૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૨૨,ફા.પ્લોટનં. ૧૩,પ્લોટનં.૩૭૯,ગુરૂકૃપા ઈન્ડ.માં આશરે ૫૫૦ ચો.ફુટ વિસ્તારમાં શટર દુર કરી તથા ૧૫૦ ચો.ફુટ મેશનરી બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૨૪૦

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૮૭૩/– વસુલ લેવામાં આવેલ છે. ૪૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૩૪૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૬૮ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૭૭ કરદાતાઓ પાસેથી રૂા.૩,૩૭,૮૪૪/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૪૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૭ એન્ટ્રીમાં રૂા.૫૪,૬૯૦/– અને આર.સી.ની ૧૫ એન્ટ્રીમાં રૂા.૮૭,૩૩૦/– મળી કુલ રૂા.૧,૪૨,૦૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૯ એન્ટ્રીમાં રૂા.૨૨૦/–, રીન્યુઅલની ૧૫ એન્ટ્રીમાં રૂા.૬૬૦/– અને દંડની રકમની ૧૬ એન્ટ્રીમાં રૂા.૨,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૪૮૦/– ચાર્જ વસુલ લીધેલ.

૨૪૧

# પ્રેસનોટ
## સેન્ટ્રલ ઝોન
## સુરત મહાનગરપાલિકા

મે.કમિશ્નરશ્રીની સુચના મુજબ આજે તા.૦૪/૦૫/૧૬ ના રોજ સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સુરત રેલ્વે સ્ટેશનના સામેના વિસ્તારમાં ઈજનેરી વિભાગ, દબાણ વિભાગ તથા આરોગ્ય વિભાગની સંયુકત ટીમના ઉપક્રમે દબાણ વિભાગને લગતી તથા ઓપરેશન હેલ્થ કેર અંતર્ગત કાર્યવાહી હાથ ધરી નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

જાહેર માર્ગની ફુટપાથ પર તથા માર્જીનની જગ્યા પર કરવામાં આવેલો દબાણો દૂર કરી રાહદારીઓને આવવા જવા માટે સુગમતા રહે તે મુજબ દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવેલ છે જે અંગે ૦૧ કાઉન્ટર તથા ૦૨ ઓટલા તોડી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. જાહેર માર્ગની ફુટપાથ પર મુકવામાં આવેલ ૦૬ લાકડાના પાટલા જમા લેવામાં આવેલ છે. ૦૨ સંસ્થાઓના બહાર કાઢવામાં આવેલા છાપરા દૂર કરાવવામાં આવેલ છે. ઓપરેશન હેલ્થ કેર અંતર્ગત કુલ–૧૦ સંસ્થાઓનુ ચેકીંગ હાથ ધરી કુલ રૂા.૫૧,૩૦૦/– વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવેલ છે અને ગંદકી બાબતે ૦૫ સંસ્થાઓને નોટીસ આપી ૨૨.૦૦૦ કિ.ગ્રા. જેટલો ખુલ્લો અને અખાદ્ય પદાર્થ નાશ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | સંસ્થાનું નામ/સરનામું | કરેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|
| ૧ | મીડટાઉન હોટલ, રેલ્વે સ્ટેશનની સામે<br>ભાવેશભાઈ પ્રદિપભાઈ પોટલા | રૂા.૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ તથા નોટીસ |
| ૨ | કબીર રેસ્ટોરન્ટ, રેલ્વે સ્ટેશનની સામે<br>ઈસ્માઈલભાઈ શરીફભાઈ વાઘરીયા | રૂા.૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ તથા નોટીસ |
| ૩ | જોલી સ્વીટ એન્ડ સોલ્ટી, રેલ્વે સ્ટેશનની સામે<br>રાધેશ્યામ ઠાકોરભાઈ | રૂા.૧૦,૦૦૦/– વહીવટી ચાર્જ તથા નોટીસ |
| ૪ | ચુનીલાલની મિઠાઈ, રેલ્વે સ્ટેશનની સામે<br>પ્રવિણચંદ્ર વેણીલાલ | રૂા.૫,૦૦૦/– વહીવટી ચાર્જ |
| ૫ | બાબુભાઈની મિઠાઈ, રેલ્વે સ્ટેશનની સામે<br>ચિન્મયભાઈ સન્મુખભાઈ | રૂા.૫,૦૦૦/– વહીવટી ચાર્જ |
| ૬ | ન્યુ ઈટાલીયન બેકરી, રેલ્વે સ્ટેશનની સામે<br>સંજયભાઈ ઈંટવાલા | રૂા.૫,૦૦૦/– વહીવટી ચાર્જ |
| ૭ | ધી ન્યુ ઈટાલીયન બેકરી, રેલ્વે સ્ટેશનની સામે<br>ધર્મેશભાઈ ઈંટવાલા | રૂા.૫,૦૦૦/– વહીવટી ચાર્જ તથા નોટીસ |
| ૮ | શિવમ રેસ્ટોરન્ટ, રેલ્વે સ્ટેશનની સામે<br>મનોજભાઈ સુંદરલાલ મોદી | રૂા.૫૦૦/– વહીવટી ચાર્જ તથા નોટીસ |
| ૯ | મથુરાભુવન સ્વીટ માર્ટ, રેલ્વે સ્ટેશનની સામે<br>સંજયભાઈ બાબુલાલ શર્મા | રૂા.૫૦૦/– વહીવટી ચાર્જ |
| ૧૦ | વૃંદાવન સ્વીટ એન્ડ રેસ્ટોરન્ટ, રેલ્વે સ્ટેશનની સામે<br>ભરતભાઈ હરીશભાઈ | રૂા.૩૦૦/– વહીવટી ચાર્જ |

આ મુજબની ઝુંબેશ સેન્ટ્રલ ઝોનના અલગ અલગ વિસ્તારમાં ચાલુ રાખવામાં આવશે અને ગંદકી કરતા ઈસમો, સંસ્થાઓ તથા જાહેર માર્ગ ઉપર કદબાણ કરતા ઈસમો/સંસ્થાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

૨૪૨

# પ્રેસનોટ

ગુજરાતની મહાનગરપાલિકાઓ,નગરપાલિકાઓ અને શહેરી સત્તા મંડળોને સર્વાંગી વિકાસના કાર્યો માટે રૂ.૨૬૦૦ કરોડના ચેક અર્પણ સમારોહ તા.૦૪/૦૫/૨૦૧૬ ના રોજ ગાંધીનગર ખાતે ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેન પટેલ, માન. મુખ્યમંત્રીશ્રી,ગુજરાત રાજયના વરદ્હસ્તે યોજવામાં આવેલ. જેમાં શહેરી ગૃહ નિર્માણ (સ્વતંત્ર હવાલો),આરોગ્ય અને પરીવાર કલ્યાણ,વાહન વ્યવહારના માન.રાજય કક્ષાના મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા

ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે સુરત શહેરના વિકાસ માટે કુલ રૂા.૬૩૪.૦૧ કરોડનો ચેક સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મા.શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, માન. મ્યુ. કમિશનરશ્રી મિલિન્દ તોરવણેને આપવામાં આવેલ છે. જેમા સુવર્ણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરત શહેરમાં પ્રાથમિક સુવિધાઓ તેમજ વિકાસના કામો જેવા કે પાણી પુરવઠો,ગટર વ્યવસ્થા, પુલો, રસ્તાઓ,આંગણવાડીઓ તેમજ ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી પાણીની નળીકા,ગટર લાઈન,સ્ટ્રીટ લાઈટ તેમજ આંતરીક રસ્તાઓના કામો હાથ ધરવામાં આવે છે. દર વર્ષની જેમ જ આ વર્ષે પણ રૂા.૨૭૦.૫૧ કરોડ ફાળવવામાં આવેલ છે.મુખ્યમંત્રી

સડક યોજના અંતર્ગત શહેરના રસ્તાઓને રીકાર્પેટીંગના કરવાના કામો માટે રૂા.૬૯.૫૦ કરોડ ફાળવવામાં આવેલ છે.

સ્માર્ટ સીટી અંતર્ગત મુખ્યત્વે અદ્યતન ટેકનોલોજીના સમન્વયથી શહેરના દરેક નાગરિકને ઉચ્ચકક્ષાના જીવન માટે જરૂરી સસ્તા રહેણાંક મકાનો, સસ્તી અને કાર્યક્ષમ ભૌતિક, સામાજીક અને વહીવટી માળખાકીય સુવિધાઓ જેવી કે પૂરતો અને ઉત્તમ પાણી પુરવઠો, સ્વચ્છતા, ૨૪ કલાક વિજળી પુરવઠો, સ્વચ્છ વાતાવરણ, ઉત્તમ શિક્ષણ વ્યવસ્થા, સસ્તી અને કાર્યક્ષમ આરોગ્ય જાળવણી વ્યવસ્થા, ભરોસાપાત્ર સુરક્ષા, મનોરંજન, ખેલકુદ, ઝડપી અને કાર્યક્ષમ શહેરી પરિવહન વ્યવસ્થા સંતોષકારક રીતે પુરી પાડી અને આ તમામ માટે જરૂરી ICT (માહિતી સંચાર તકનીક) દ્વારા સંચાલનનો સમાવેશ થાય છે.સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત રૂા.૨૯૪ કરોડ મળી કુલ રૂા.૬૩૪.૦૧ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે આ રકમ માંથી મહાનગરપાલિકા અને શહેર વિકાસ સત્તામંડળ ધ્વારા આંતરમાળખાકીય કામો,મુખ્યમંત્રી સડક યોજના, આઉટ ગ્રોથ વિસ્તારમાં વિકાસ કામો,આવાસ યોજનાઓના કામો તેમજ સ્માર્ટ સીટી યોજના હેઠળના કામો કરવામાં આવશે.

ઉપરોકત પ્રસંગે માન.મંત્રીશ્રી,રાજય કક્ષા રમત–ગમત,યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ (સ્વતંત્ર હવાલો),જળ સંપત્તિ (કલ્પસર સિવાય), શિક્ષણ(પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ),ગુજરાત રાજય શ્રી નાનુભાઈ વાનાણી, ગુ.હા.બોર્ડના મા.અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓએ હાજર રહયા હતા.



તા.૦૪/૦૫/૨૦૧૬ ના રોજ ચેક અર્પણ સમારોહ પ્રસંગે ગતિશીલ ગુજરાતના પ્રણેતા માન. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, રાજય કક્ષાના માન.મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, ગુ.હા.બોર્ડના મા.અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ,માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, માન.ડે. મેયરશ્રી શંકરભાઈ ચેવલી, માન.સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી રાજેશભાઈ દેસાઈ ,માન.નેતાશ્રી, શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, માન.મ્યુ. કમિશનરશ્રી મિલિન્દ તોરવણે, તથા અન્ય મહાનુભવો દશ્યમાન થાય છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી ''મહાત્મા ગાંધી સફાઈ મિશન'' અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

''સ્વચ્છ ભારત મિશન'' અંતર્ગત તા.૦૧/૦૫/૧૬ના રોજ **''ઈન્ટરનેશનલ લેબર દિન''** નિમિતે તા.૦૧/૦૫/૧૬ થી તા.૧૫/૦૫/૧૬ દરમ્યાન દરેક ઝોનમાં આવેલ ફેકટરી/સંસ્થા/GIDCમાં ઉત્પાદન અને વેચાણ કરતી સંસ્થાઓમાં કામ કરતા મજુરો માટે આવી સંસ્થાઓમાં આરોગ્યલક્ષી સુવિધાઓની ઘનિષ્ઠ ચકાસણી કરવા તેમજ સાફ સફાઈ ઝુંબેશની કામગીરી હાથ ધરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૦૧/૦૫/૧૬ અને ૦૪/૦૫/૧૬ના રોજ આરોગ્ય વિભાગ તરફથી શહેરના વિવિધ ઝોનમાં આરોગ્યલક્ષી ઘનિષ્ઠ ચકાસણી કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

આમ શહેર વિસ્તારોમાં આવેલ પૈકી ૯૩૦ ફેકટરી/સંસ્થા/GIDCમાં ઘનિષ્ઠ ચકાસણી કરતા ૯૮૧૧ વર્કરો માટે ૧૫૪૦ ટોયલેટ/બાથરૂમની સુવિધા માલુમ પડી હતી તેમજ અંદાજીત ૭.૨૦૦ કચરો/કચરા મીશ્રીત માટીનો નીકાલ કરાવ્યા બાદ ૨૫૩૬ કીલોગ્રામ જંતુનાશાક પાવડરનો છંટકાવ કરાવી ૧૦૧ ન્યુસન્સ કરતા ઈસમોને નોટીસ પાઠવી ૮૩ ઈસમ પાસે રૂા.૪૯,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ ઝુંબેશની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી

મે.કમિશનરશ્રીની સુચના / હુકમ અન્વયે ઝોન વિસ્તારના "૦" દબાણ રૂટ ઉપર આવેલ મિલ્કતોનાં માર્જીનમાં જે કોઈ દબાણ / ગેરકાયદેસર બાંધકામો હોય તે તાકીદે દૂર કરી માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવા જણાવેલ. જેના ભાગરૂપે સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના સુરત–ડુમસ મેઈન રોડ ઉપર આવેલ મિલ્કતોમાં અત્રેના શહેર વિકાસ વિભાગ, દબાણ વિભાગ, રસ્તા વિભાગના સ્ટાફ દ્વારા આજરોજ બપોર સુધી નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં અંદાજે ૫૦ બેલદાર, ૨ જેસીબી, ટ્રક તેમજ સુપરવાઈઝરી સ્ટાફ દ્વારા સંયુકતપણે કામગીરી કરવામાં આવેલ. જેમાં કેટલીક મિલ્કતો જેવી કે ધીરજ સન્સ, મૌન જવેલ્સ, જનતા આઈસ્ક્રીમ, ડેરી કોર્નર, પેરેડાઈઝ બિલ્ડીંગ, કેર હોસ્પિટલ, રીચી રીચ બેકરી, મનસુખલાલ ટાવર તેમજ ક્રિષ્ના કોમ્પલેક્ષના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ કૈલાસ સ્વીટ, મઢીની ખમણી, ન્યુ જનતા આઈસ્ક્રીમ, ચીઝ એન્ડ ચીઝસ, ધીરજ કાર્ડ શોપ, એક્વાગાર્ડ વોટર ડોકટર શોપ, મહેશ પાઉભાજી, ગરમ મસાલા રેસ્ટોરન્ટ, નેશનલ કીડઝ વેર, પિંક પોઈન્ટ વિગેરે મિલ્કતોમાં માર્જીન / પાર્કિંગની જગ્યા ખુલ્લી કરવાની / દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

| અ.નં. | કામગીરીનો પ્રકાર | સંખ્યા / નંગ | માપ(યુનિટ) | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | મોટા ફ્રિઝ | ૪ | – | સદર કામગીરી દરમ્યાન રૂા.૫૦,૦૦૦/– ચાર્જીસ / દંડ વસુલ લેવામાં આવેલ છે. જયારે અન્યનો માલસામાન જપ્ત કરવામાં આવેલ છે. |
| ૨ | હોર્ડીંગ્સ / કિયોસ્ક બોર્ડ | ૧૫ | – | |
| ૩ | ઓટલા | – | ૫૦૦૦ ચો.ફુટ | |
| ૪ | લોખંડના સ્ટેન્ડ | ૫ | | |
| ૫ | લારી ગલ્લા / કાઉન્ટર | ૨૫ | – | |
| ૬ | ચોખા / મીઠાની બેગ | ૩૧ | – | |
| ૭ | ખુરશી / ટેબલ | ૯૦ | – | |

ઉપરોકત કામગીરીથી જાહેર જનતાને સદરહું વિસ્તારમાં પાર્કિંગ / માર્જીનની જગ્યા ઉપલબ્ધ થયેથી મહદઅંશે ટ્રાફિકની સમસ્યાનું નિવારણ થશે. વધુમાં અત્રેના સા.વે.(અઠવા)ઝોન વિસ્તારમાં સદર **<u>સુરત ડુમસ રોડ ઉપર કામગીરી ચાલુ રહેશે</u>** તેમજ સા.વે.(અઠવા)ઝોનના અન્ય વિસ્તારોના પણ "૦" દબાણરૂટ ઉપર આ પ્રકારની કાર્યવાહી ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. જેમાં બંને બાજુ આવેલ તમામ મિલ્કતમાં આગળના માર્જીનવાળા / પાર્કિંગવાળા ભાગમાં અનઅધિકૃત દબાણ / પાર્કિંગમાં અવરોધરૂપ દિવાલ / ફેન્સીંગ / આડસ / હોર્ડીંગ્સ–બોર્ડ બેનર વિગેરે તમામ બાંધકામ દબાણ, જેનાથી જાહેર જનતાને વાહન પાર્કિંગના અગવડો ઉત્પન્ન થતી હોય, તેવા દબાણ / બાંધકામ, મિલ્કતદાર / કબ્જેદારના ખર્ચે અને જોખમે દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.... 244
તા.૦૫/૦૫/૨૦૧૬



KAILASH
દવાની દુકાન
JCB


Fashion Fashion
FAMILY WEAR
Fashion Fashion
FAMILY WEAR
JCB




DHIRAJ SONS
GJ 5
G 9028


DHIRAJ SONS


RICHIE RICH

૨૪૫

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૪/૦૫/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૫૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૯૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૩ કરદાતાઓ પાસેથી રૂા.૨,૦૭,૮૭૬/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૬૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૪ એન્ટ્રીમાં રૂા.૭૫,૦૭૦/– અને આર.સી.ની ૩૨ એન્ટ્રીમાં રૂા.૧,૦૪,૫૭૮/– મળી કુલ રૂા.૧,૭૯,૬૪૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૦ એન્ટ્રીમાં રૂા.૪૦૦/–, રીન્યુઅલની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૬૦/– અને દંડની રકમની ૦૭ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

**સુરત મહાનગરપાલિકા**
**જાહેર આરોગ્ય વિભાગ**
**સ્વચ્છત ભારત અભિયાન**
**<u>પ્રેસનોટ</u>**

રાજય સરકારશ્રી દ્વારા હાલમાં ચાલી રહેલ ઉનાળાની સીઝનમાં ગરમીનું પ્રમાણ વધવા પામેલ હોય તેને ધ્યાને લઈ આમ જનતાને સ્વેસ્છીક સંસ્થાઓના સહયોગથી વિના મુલ્યે છાશનું વિતરણ કરવા માટે સુચન કરેલ.

ઉપર મુજબ સરકારશ્રીના સુચન અન્વયે મા.કમિશ્નરશ્રીના આદેશ અને ડે.કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં તાકીદે વિના મુલ્યે છાશ વિતરણના કેન્દ્રો ઉભા કરી સ્વેચ્છિક સંસ્થાઓના સહયોગ દ્વારા આમ નાગરીકો માટે વિના મુલ્યે છાશનું વિતરણ શરૂ કરી દેવામાં આવેલ છે. જે અન્વયે આજ **તા.૦૫/૦૫/૧૬**ના રોજ તમામ ઝોનમાં શરૂ કરવામાં આવેલ છાશ વિતરણ કેન્દ્રની વિગત નીચે મુજબ છે.

જેમાં વરાછાઝોન દ્વારા સ્મીમેર હોસ્પિટલ ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ જયા મા.મેયર શ્રીમતી અસ્મિતાબેન શીરોયા, મ્યુ. સભ્ય શ્રીમતી રસીલાબેન પાનસુરીયા, સ્મીમેર–ડીન શ્રીમતી કલ્પનાબેન દેસાઈ, મેડીકલ સુપ્રિ. શ્રીમતી વંદનાબેન દેસાઈ અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. એમ. એન. પટેલ અને ડો. કે. કે. નિગમ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૬૦૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

રાદેરઝોનમાં અડાજણ ગુજરાત ગેસ સર્કલ સરદારબ્રીજના છેડે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ જેમાં આરોગ્ય સમિતિના મા. ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. કે. એ. શ્રોફ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૬૦૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

ઉધનાઝોનમાં ઉધના રેલ્વે સ્ટેશન પાસે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ જયા શાસકપક્ષના દંડકશ્રી મુળજીભાઈ ઠકકર અને શાસકપક્ષના નેતાશ્રી ગીરીજાશંકર મિશ્રા અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. દિનેશભાઈ પટેલ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૬૪૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

લિંબાયતઝોનમાં નિલગીરી સર્કલ ચાર રસ્તા ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ જયા મા. ધારાસભ્ય શ્રીમતી સગીતાબેન પાટીલ, સ્લમ અને ઈમ્પ્રુવમેન્ટ કમિટીના મા. ચેરમેનશ્રી રમીલાબેન પટેલ, મ્યુ. સભ્ય શ્રીમતી રશ્મીકાબેન પટેલ, શ્રીમતી જયશ્રીબેન પરાતે, શ્રીમતી કાન્તાબેન વાકોડીકર, શ્રી વિજયયભાઈ ચૌમાલ અને કાર્યપાલક ઈજનેરશ્રી એ. એમ. દુબે તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રદિપભાઈ ઉમરીગર તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૫૦૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

અઠવાઝોનમાં સીવીલ હોસ્પીટલ કમ્પાંઉન્ડ ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ જયા BRTS અને ટ્રાન્સપોર્ટ સમીતીના મા. ચેરમેનશ્રી અનિલભાઈ ગોપલાણી, પાણી સમીતીના મા. ઉપાધ્યક્ષશ્રી પ્રવિણભાઈ કહાર, મ્યુ. સભ્ય શ્રીમતી પુષ્પાબેન પટેલ, તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રદિપભાઈ ઉમરીગર તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૪૭૫** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સેન્ટ્રલઝોનમાં રેલ્વેસ્ટેશન ટાઈમ જકાતનાકા ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ જયા આરોગ્ય સમીતીના મા. ઉપાધ્યક્ષ કુંમારી નેન્સી સુમરા તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. કે. આઈ. ખત્રી તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૪૦૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

કતારગામઝોનમાં ગજેરાસર્કલ વિસામા ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ જયા મ્યુ. સભ્ય શ્રીમતી અનિતાબેન દેસાઈ તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. એસ. એસ. દાસ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૭૦૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

**આમ તમામ ઝોનમાં શરૂ કરવામાં આવેલ વિનામુલ્યે છાશ વિતરણ કેન્દ્રો પરથી કુલ–૩૯૧૫ લાભાર્થીઓને છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું આગામી ગરમીના દિવસોમાં પણ આ કેન્દ્રો છાશના વિતરણ માટે કાર્યરત રહેશે.**




વરાછા ઝોન- સ્મીમેર હોસ્પીટલ ખાતે વિના મુલ્યે ઉકાળા
વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ માનનીય મેયર
શ્રીમતી રશ્મિતાબેન શિરોયાના વરદ હસ્તે લાભાર્થીઓ
ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "મહાત્મા ગાંધી સફાઈ મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૦૧/૦૫/૧૬ના રોજ **"ઈન્ટરનેશનલ લેબર દિન"** નિમિતે તા.૦૧/૦૫/૧૬ થી તા.૧૫/૦૫/૧૬ દરમ્યાન દરેક ઝોનમાં આવેલ ફેકટરી/સંસ્થા/GIDCમાં ઉત્પાદન અને વેચાણ કરતી સંસ્થાઓમાં કામ કરતા મજુરો માટે આવી સંસ્થાઓમાં આરોગ્યલક્ષી સુવિધાઓની ધનિષ્ઠ ચકાસણી કરવા તેમજ સાફ સફાઈ ઝુંબેશની કામગીરી હાથ ધરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૦૫/૦૫/૧૬ના રોજ આરોગ્ય વિભાગ તરફથી શહેરના વિવિધ ઝોનમાં આરોગ્યલક્ષી ધનિષ્ઠ ચકાસણી કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

આમ શહેર વિસ્તારોમાં આવેલ પૈકી ૩૩૫ ફેકટરી/સંસ્થા/GIDCમાં ધનિષ્ઠ ચકાસણી કરતા ૨૬૭૦ વર્કરો માટે ૩૬૩ ટોયલેટ/બાથરૂમની સુવિધા માલુમ પડી હતી તેમજ અંદાજીત ૧૦.૬૧૫ કચરો/કચરા મીશ્રીત માટીનો નીકાલ કરાવ્યા બાદ ૪૮૧ કીલોગ્રામ જંતુનાશાક પાવડરનો છંટકાવ કરાવી ૩૦ ન્યુસન્સ કરતા ઈસમોને નોટીસ પાઠવી ૩૦ ઈસમ પાસે રૂા.૧૧,૨૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ ઝુંબેશની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

# <u>પ્રેસનોટ</u>

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

આથી જણાવવાનું કે, મા.કમિશ્નરશ્રીની સુચના મુજબ સેન્ટ્રલ ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ આજે તા.૦૬/૦૫/૧૬ ના રોજ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ જુદીજુદી મ્યુ.માર્કેટોમાં માર્કેટ ઈન્સ્પેકટરો તથા આરોગ્ય વિભાગના સેનેટરી ઈન્સ્પેકટરની સંયુકત ટીમ બનાવી કેરીનું વેચાણ કરતી સંસ્થા તથા વેપારીઓના ગોડાઉનોનું આકસ્મિક ચેકીગ હાથ ધરી પ્રતિબંધિત કાર્બાઈડનો ઉપયોગ અંગે નીચે જણાવ્યા મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોનની બરાનપુરી ભાગળ, ચૌટાબજાર માર્કેટ, સૈયદપુરા માર્કેટ, ઝાંપાબજાર માર્કેટ, લાલદરવાજા માર્કેટ, નવસારી બજાર માર્કેટ તથા નાનપુરા માર્કેટમાં ચેકીગ હાથ ધરી કુલ ૫૯ કિ.ગ્રા. કેરીનો જથ્થો જપ્ત કરી તેનો નાશ કરવામાં આવેલ છે અને કુલ – ૫૬ ઈસમો/વેપારીઓ પાસેથી રૂા.૧૫,૯૦૦/– વહીવટી ચાર્જ વસુલાત કરવામાં આવેલ છે. આ અંગે કેરીના વેચાણ કરતા વેપારીઓને સખ્ત સુચનાઓ આપવામાં આવેલ છે. આગામી દિવસોમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આ પ્રકારની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે.

૨૪૯

# <u>પ્રેસનોટ</u>

